# દૂધસાગર ડેરી ,મહેસાણા

# પ્રેસબ્રિફીંગ

## દુષ્કાળ રાહતમાં દૂધસાગર ડેરી ધ્વારા મહારાષ્ટ્રમાં આપેલ પશુદાણ અંગે સાચી હકિકત બાબત

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. મહેસાણા (દૂધસાગર ડેરી) એ મહેસાણા જિલ્લામાં પશુપાલકો માટે કામ કરતી દેશની સૌથી મોટી સહકારી ડેરી છે.આ સંસ્થા સાથે ૫ લાખ થી વધારે પશુપાલકો જોડાયેલા છે અને તેનું વાર્ષિક ટર્ન ઓવર ૩૪૦૦ કરોડ કરતા વધારે છે.દૂધસાગર ડેરી ધ્વારા હરિયાણામાં માનેસર ખાતે દૂધમાનસાગર ડેરી અને ધારુહેડા ખાતે દૂધમોતીસાગર ડેરી ભવિષ્યના દૂધના વ્યવસાયને ધ્યાનમાં રાખી બનાવવામાં આવેલ છે.સંઘ ધ્વારા દિલ્હીના આસપાસના રાજયો જેવાકે રાજસ્થાન,હરિયાણા,પંજાબ અને ઉત્તરપ્રદેશમાંથી હાલમાં દૈનિક ૯ લાખ લિટર દૂધ પણ પ્રાપ્ત કરવામાં આવે છે.આમ દૂધસાગર ડેરી એ સહકારના સિધ્ધાંતો પ્રમાણે કામ કરતી દેશની અગ્રણી સહકારી સંસ્થા છે.

ગત વર્ષે ગુજરાતમાં દૂષ્કાળ પડવાથી પશુધનને બચાવવા અને પશુપાલકોના વિશાળ હિતમાં સૌરાષ્ટ્ર અને કચ્છના સહકારી દૂધ ઉત્પાદક સંઘોને અમૂલ ફેડરેશન(જીસીએમએમએફ) આણંદ ધ્વારા રાહત દરે ૧૬,૫૨૧.૫ મેટ્રીક ટન પશુદાણ અમૂલ ફેડરેશન પાસે પશુદાણનું કારખાનું ના હોવાથી દૂધસાગર ડેરીના જગુદણ ખાતેના સાગરદાણના કારખાનામાંથી પુરું પાડવામાં આવેલ હતું. આ પશુદાણની તમામ રકમ અમૂલ ફેડરેશન તરફથી દૂધસાગર ડેરીને ચૂકવી આપવામાં આવેલ છે.

અમૂલ ફેડરેશન ધ્વારા અમૂલ બ્રાન્ડ હેઠળ દૂધ અને દૂધની બનાવટોનું સમગ્ર ભારત અને વિદેશમાં વેચાણ કરવામાં આવે છે. અમૂલ એ ટેસ્ટ ઓફ ગુજરાત નહિ પણ ટેસ્ટ ઓફ ઈન્ડિયા છે. અમૂલ પેર્ટન હેઠળ મહારાષ્ટ્ર રાજયમાં દૂધનું ખરીદ–વેચાણ કરવામાં આવે છે. હાલમાં મુંબઈ શહેરમાં અમૂલ બ્રાન્ડ હેઠળ દૈનિક ૧૦ લાખ લિટર થી વધુ દૂધનું વેચાણ કરવામાં આવે છે.

મહારાષ્ટ્રમાં કારમો દુકાળ પડતા ભારત સરકારના કૃષિપ્રધાન માનનીય શ્રી શરદ પવાર ધ્વારા પશુઓનું જીવન બચાવવા અમૂલ ફેડરશનને દાણ પુરું પાડવા વ્યકિગત વિનંતી કરવામાં આવેલ અને આ પ્રમાણે મહારાષ્ટ્ર રાજયમાં પણ દુષ્કાળના સમયે મહારાષ્ટ્ર સહકારી દૂધ સંઘ મર્યાદીત (મહાનંદ) ના ચેરમેન શ્રીમતી વૈશાલી નાગવડેએ ગુજરાત કો–ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (અમૂલ ફેડરેશન)ના ચેરમેનને મહારાષ્ટ્રમાં દુષ્કાળ હોવાથી પશુધન જીવાડવા ગૌ રક્ષા અને જીવદયાના ભાગરૂપે પશુદાણ આપવા વિનંતી કરેલ. મહાનંદના મેનેજીગ ડિરેકટર શ્રી રવિન્દ્ર સાવંતે તેમના ૨૧/૪/૨૦૧૩ના તેમના ઈ–મેલ પત્રથી દૂધસાગર ડેરી મહેસાણાના મેનેજીંગ ડિરેકટર શ્રીબક્ષીને તેમના પત્ર ક્રમાંક MND/02/Dairy/Cattle Feed/2012-13 તાઃ૨૦/૪/૨૦૧૩ના પત્રથી થી લેખિતમાં મહારાષ્ટ્રના દુષ્કાળ ગ્રસ્ત ક્ષેત્રોમાં પશુદાણ પુરુપાડવા માટે વિનંતી કરેલ.તેઓને વિનંતીને ગ્રાહય રાખી અમૂલ ફેડરેશનના બહુમતી મત ધરાવતા સભ્યો અમૂલ ડેરી, સાબર ડેરી અને દૂધસાગર ડેરી મહેસાણાને વિશ્વાસમાં લઈ ૧૩,૭૩૧.૫ મેટ્રીક ટન પશુદાણ મહારાષ્ટ્રમાં દુષ્કાળ રાહત તરીકે પુરુ પાડવામાં આવેલ છે જેમાં કોઈ ઉચાપત કે ગેરરીતીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી .

તાઃ ૧/૫/૨૦૧૩ના રોજ મહારાષ્ટ્ર સરકારના નાયબ મુખ્યપ્રધાન શ્રી અજિત પવાર તથા મહારાષ્ટ્ર સરકારના બીજા છ મંત્રીઓ તેમજ અમૂલ ફેડરેશનના પદાધિકારી/અધિકારીઓની ઉપસ્થિતિમાં પૂણે ખાતે પશુદાણ વિતરણનો કાર્યક્રમ યોજાયેલ.તથા દેશના કૃષિ પ્રધાન શ્રી શરદપવાર સાથે આ અંગે પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવેલ હતી. મહાનંદના જણાવ્યા પ્રમાણે મહારાષ્ટ્રના સાત જિલ્લાઓમાં એપ્રિલ થી જુલાઈ ૨૦૧૩ દરમ્યાન કુલ ૧૩૭૩૧.૫ મેટ્રીક ટન પશુદાણ તેઓએ જણાવેલ જગ્યાએ દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં પહોચાડવામાં આવેલ છે અને તેની બધીજ વિગતો સંઘના રેકર્ડમાં રાખવામાં આવેલ છે. અમુલ ફેડરેશન નિયામક મંડળની કાર્યપ્રણાલી એ સર્વાનુમતે નિર્ણય કરવાની રહેલી હોવાથી બહુમતીથી નિર્ણય કરેલ નહી અને સૌરાષ્ટ્ર અને કચ્છના દૂધ સંઘોને દુષ્કાળ રાહત પેટે આપેલ પશુદાણની રકમ જે રીતે દૂધસાગર ડેરીને મળેલ છે તે જ રીતે મહારાષ્ટ્ર ડેરી ફેડરેશનને આપેલ પશુદાણની રસીદો મળેલ છે. આ અન્વયે દૂધસાગરડેરી ધ્વારા અમૂલ ફેડરેશન પર ડેબીટ નોટ મોકલી આપવામાં આવેલ સદર ડેબીટ નોટ જીસીએમએમએફના એમડીશ્રીએ દૂધસાગર ડેરીને પરત મોકલી આપેલ.દૂધસાગર ડેરી ધ્વારા મહાનંદના એમડીશ્રીને ડેબીટ નોટ મોકલી આપવામાં આવેલ છે આ બાબતનો નજીકના ભવિષ્યમાં સત્વરે ઉકેલ આવશે .

આ દુષ્કાળના સમયગાળામાં ઈફકો જેવી રાષ્ટ્રીય સહકારી સંસ્થાએ પણ કે જેમને પશુપાલન સાથે સીધો સબંધ નથી તેમણે પણ મહારાષ્ટ્રમાં પશુદાણ પુરુ પાડેલ છે. જીવદયા ને ધ્યાનમાં રાખી મહારાષ્ટ્રમાં દુષ્કાળ રાહત તરીકે આ પશુદાણ આપવામાં આવેલ છે.

દૂધસાગર ડેરી ધ્વારા વખતોવખત જરૂર પડે સામાજીક જવાબદારી અદા કરવાના ભાગરૂપે રાહત પીડતો માટે દૂધ અને તેની બનાવટો, ભુકંપ સમયે દૂધ અને તેની બનાવટો તથા અન્ય કુદરતી આફતોના સમયે તેમજ "સદભાવના કાર્યક્રમો" અને "રન ફોર યુનીટી" જેવા કાર્યક્રમોમાં જરૂરી મદદ કરેલ છે.આમ દૂધસાગર ડેરીએ સહકારી સિધ્ધાંત "સમાજ પરત્વે ઉત્તરદાયિત્વ" નું પાલન કરી સમાજના જરૂરીયાતમંદોની મદદ કરેલ છે.

### <u>મહારાષ્ટ્રના દૂષ્કાળ ગ્રસ્ત વિસ્તારોમા પશુધન બચાવવા માટે સાગરદાણ સપ્લાયની વિગતોઃ–</u>

- તાઃ૨૦/૪/૧૩, મહાનંદના એમડીનો દૂધસાગર ડેરીના એમડીને પત્ર
- તાઃ૨૪/૪/૧૩, મહાનંદના ચેરમેનનો અમૂલ ફેડરેશન અને દૂધસાગર ડેરીના ચેરમેનને પત્ર,નકલ રવાના એમડી જીસી એમએમએફ.
- તાઃ૨૯/૪/૧૩ દૂધસાગર ડેરીની બોર્ડ મિટીગમાં ડેરીના એમડીને ઓથોરાઈઝડ કરવામાં આવ્યા.
- તાઃ૧૨/૮/૧૩ના રોજ ૧૩૭૩૧.૫ મેટ્રીક ટન દાણના ૨૨.૫ કરોડની રકમની ડેબીટ નોધ ફેડરેશનને મોકલવામાં આવી.
- તાઃ૨૩/૧૦/૧૩ના રોજ ફેડરેશનના એમડીએ દૂધસાગરડેરીના એમડીને સંબોધી ડેબીટનોટ પરત કરી
- તાઃ૨૮/૧૦/૧૩ના રોજ ડેરીના એમડીએ ડેરીના સીજીએમને ડેબીટ નોટ મહાનંદ ડેરીને મોકલવાનો પત્ર પાઠવ્યો.
- તાઃ૨૯/૧૦/૧૩ના રોજ સીજીએમ ડેપ્યુટી મેનેજર(કેટલફિડ)ને ઈન્ટરનલ નોટ મોકલી.
- તાઃ૨૯/૧૦/૧૩ના રોજ ડેબીટ નોટ તૈયાર કરવામા આવી.
- તાઃ૩૦/૧૦/૧૩ના રોજ ડેબીટ નોટ મહાનંદના એમડીને પરત કરવામાં આવી.
- તાઃ૨૭/૧/૧૪ના રોજ બોર્ડ આ અંગે ઠરાવ પસાર કર્યો.
- તાઃ૩૦/૧/૧૪ના રોજ મહાનંદ ડેરીના એમડીશ્રીને રીમાઈન્ડર મોકલવામાં આવ્યો.